સને ૨૦૧૮-૧૯
નવી બાબત.

**સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ સંશોધનની નવી યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ- નકવ-૧૨૨૦૧૮-૨૦-ક.૨**
સચિવાલય-ગાંધીનગર.
**તારીખઃ-** 23 APR 2018

*વંચાણે લીધાઃ-*

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીનો તા.૨૩.૧૧.૨૦૧૭નો પત્રક્રમાંકઃ- નકૃયુ / સં.નિ. / વિકાસ ખર્ચ / નવી બાબત / ૦૨૯ /૯૮૪૪-૪૫ / ૨૦૧૭.

*આમુખઃ-*

**નવસારી** કૃષિ યુનિવર્સિટી હસ્તકની **કૃષિ સંશોધન, વિભાગ-૧** નવી યોજનાને વંચાણે લીધા ક્રમાંકઃ-(૧)ના સંદર્ભથી સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં શરૂ કરવા દરખાસ્ત કરેલ. આ વિભાગ-૧ નવી યોજનાને સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષમાં શરૂ કરવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

*ઠરાવઃ-*

કાળજીપૂર્વક વિચારણાને અંતે **નવસારી** કૃષિ યુનિવર્સિટી હસ્તકની **કૃષિ સંશોધન,વિભાગ-૧** નવી યોજનાને નીચે મુજબ દર્શાવેલ **કુલ-૦૫ (પાંચ)** નવા કાર્યક્રમો માટે નીચે મુજબની **કુલ-૧૦ (દસ)** નવી જગ્યાઓના પગાર-ભથ્થાં માટે **સને ૨૦૧૮-૧૯**ના ચાલુ નાણાકીય વર્ષમાં **રૂ.૧૪,૩૫,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ પાંત્રીસ હજાર પુરા)**ની અંદાજીત બજેટ જોગવાઈથી ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં. | હોદ્દો | જગ્યાનું પગાર-ધોરણ રૂ. | મંજૂર કરવામાં આવેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| **(૧)** | **સ્ટ્રેન્ધનીંગ ઓફ પ્લાનીંગ, મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુસન સેલ એટ નવસારી.** | | |
| ૧. | સહ પ્રાધ્યાપક | ૧૫૬૦૦-૩૯૧૦૦ જીપી ૮૦૦૦ | ૦૧ |
| ૨. | સીનીયર રીસર્ચ ફેલો | ICAR ના નોર્મ્સ મુજબ | ૦૧ |
| | | કુલઃ- | **૦૨** |
| **(૨)** | **ઈકોનોમીક ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓફ એગ્રીકલ્ચરલ ટેકનોલોજીસ ઈન સાઉથ ગુજરાત.** | | |
| ૧. | સીનીયર રીસર્ચ ફેલો | ICAR ના નોર્મ્સ મુજબ | ૦૨ |
| **(૩)** | **ડેવલોપમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ એગ્રોફોરેસ્ટ્રી મોડેલ્સ ફોર સાઉથ ગુજરાત** | | |
| ૧. | સીનીયર રીસર્ચ ફેલો | ICAR ના નોર્મ્સ મુજબ | ૦૨ |
| **(૪)** | **રીજનરેશન ટેકનીક્સ ફોર લેસર કનોન એન્ડ થ્રેટન્ડ ટ્રી સ્પીશીસ ઓફ સાઉથ ગુજરાત.** | | |
| ૧. | સીનીયર રીસર્ચ ફેલો | ICAR ના નોર્મ્સ મુજબ | ૦૨ |

| (૫) | સ્ટ્રેન્થનીંગ ઓફ ડેવલોપ એન્ડ ડેમોસ્ટ્રેશન એકવા-એગ્રો મોડેલ ફોર કોસ્ટલ સોલ્ટ અફેક્ટેડ એરીયાઝ ઓફ ગુજરાત ફેઝ-૩ | | |
|---|---|---|---|
| ૧. | સીનીયર રીસર્ચ ફેલો | ICAR ના નોમ્સ મુજબ | ૦૨ |
| | | કુલ મંજૂર કરેલ જગ્યાની સંખ્યા:- | ૧૦ |

આ અંગેનો ખર્ચ નીચેની શરતો અને બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૨

મુખ્ય સદર :- ૨૪૧૫-કૃષિ વિષયક સંશોધન અને શિક્ષણ

પેટા મુખ્ય સદર :- ૦૧-પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર :- ૦૦૪-સંશોધન

પેટા સદર :- (૦૨) AER-3 - કૃષિ સંશોધન માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓને સહાયક અનુદાન.

**૨૪૧૫ ૦૧ ૦૦૪ ૦૨**

વિગતવાર સદર :- ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન

શરતો:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬.૨.૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪.૬.૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. કૃષિ યુનિવર્સિટીએ ડ્રાઈવર અને વર્ગ-૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧.૪.૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૧૦. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કૃષિ યુનિવર્સિટીની રહેશે.

૧૧. સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮.૩.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:- નપન / ૨૦03 / ૭૭ઓઆઇ / ૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧.૪.૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૨. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કૃષિ યુનિવર્સિટીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૩. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે

૧૪. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૫. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૬. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો કૃષિ યુનિવર્સિટીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૩.૪.૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જી.એસ.મોદી)**
**સેકશન અધિકારી**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

પ્રતિ,

- સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- રેસીડેન્ટ ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.
- બજેટ શાખા / નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, આઈ.ટી.સેલ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર...તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, કલેકશન.
- સીલેકટ ફાઈલ / શાખા સંગ્રહ.

...OF RESEARCH & DEAN, P.G.S.
NAVSARI.
7690
27/06/18